## (૨) નગરપાલિકાનો વહીવટ, પ્રમુખ અથવા ઉપ-પ્રમુખનાં કાર્યો

### ક. ૪૪. નગરનો વહીવટ નગરપાલિકામાં નિહિત થશે :

(૧) આ અધિનિયમમાં સ્પષ્ટપણે બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય નગરનો વહીવટ નગરપાલિકામાં નિહિત થશે.

(૨) કારોબારી સત્તા મુખ્ય અધિકારીમાં નિહિત થશે : આ અધિનિયમમાં જ્યાં સ્પષ્ટપણે એવો નિર્દેશ કર્યો હોય ત્યાં નગરપાલીકા અથવા કારોબારી સમિતિની મંજૂરીને આધીન રહીને તેમજ આ અધિનિયમથી અને તે અન્વયે કરેલા નિયમોથી મૂકેલાં બીજા તમામ નિયંત્રણો, મર્યાદા અને શરતોને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે કારોબારી સત્તા કલમ ૪૭ અન્વયે નિમાયેલ મુખ્ય અધિકારીમાં નિહિત થશે.

**વિવરણ**

મ્યુનિસિપલ સભ્યના હોદ્દાની રૂએ-મ્યુનિ.એ જમીન તબદીલ કરી - મ્યુનિ. સભ્ય તેને પડકારી શકે છે. તે મધ્યસ્થી નથી પણ નારાજ થયેલી વ્યક્તિ છે - તેથી રીટ પીટીશન દ્વારા મ્યુનિ. દ્વારા જમીન તબદીલ કરવાને પડકારવાનો ચોક્કસ હક મળે છે. (એ.આઈ.આર. ૧૯૮૪ ગુજ. ૧૩૪)

માનજી વેચાણ દ્વારા મ્યુનિસિપાલિટીએ, સહકારી ગૃહનિર્માણ મંડળીને જમીન ટ્રાન્સફર કરી, તેને મ્યુનિ.ના સભ્યે સહકારી રાજકીય હેતુ હોવાથી પડકારવામાં આવી છે તેવાં કારણે દાવા અરજી રદ થઈ શકે નહિ. મ્યુનિસિપાલિટી આ કારણનો આશરો લઈ શકે નહિ, આવા કેસોમાં બાબતના ગુણદોષ ઉપર નિર્ણય થઈ શકે, તેની પાછળના હેતુને ધ્યાનમાં લઈને નિર્ણય કરી શકાય નહિ. (એ. આઈ.આર. ૧૯૮૪ ગુ.લો.રી. ૧૩૪)

ઓક્ટ્રોઈ ડ્યુટીના નવા દરોએ વસૂલાત-અમલની તારીખ નક્કી કરતા જાહેરનામાની પ્રસિદ્ધિ-આ કલમ વહીવટી પ્રકારનું નથી તેથી તે, મ્યુનિસિપાલિટીએ કરવું જોઈએ. ચીફ ઓફિસરે નહિ ૨૦ (૧૯૭૯) મું. લૉ. રી. ૨૪; ઓવરરૂલ ૨૧(૧૯૮૦) મું. લૉ. રી. ૮૧૫)

### ☐ ક. ૪૫. પ્રમુખના કાર્યો :

નગરપાલિકાના પ્રમુખની નીચે પ્રમાણે ફરજ રહેશે :

A-(ક) વાજબી કારણસર, અશક્ય હોય તે સિવાય, નગરપાલિકાની તમામ બેઠકોનું પ્રમુખસ્થાન લેવાની તથા કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે તે સમયે અમલમાં હોય એવા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, એવી બેઠકના કાર્ય સંચાલનનું નિયમન કરવાની,

B-(ખ) નગરપાલિકાના નાણાકીય અને કારોબારી વહીવટ ઉપર નજર રાખવાની અને તેને આ અધિનિયમથી અથવા તે અન્વયે સોંપવામાં આવે તેવાં કારોબારી કાર્યો બજાવવાની;

C-(ગ) કારોબારી વહીવટની બાબતોમાં તથા નગરપાલિકાના હિસાબો અને રેકર્ડને લગતી બાબતોમાં નગરપાલિકાના તમામ અધિકારીઓ અને નોકરોનાં કાર્યો અને કાર્યવાહી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની અને તે સમયે અમલમાં હોય તેવા નગરપાલિકાના નિયમોને આધીન રહીને, અને કારણોની લેખિત નોંધ કરીને સદરહુ અધિકારીઓ અને નોકરોની નોકરીને લગતા તથા તેમના પર વિશેષાધિકાર અને ભથ્થાંને લગતો મુખ્ય અધિકારીનો કોઈ હુકમ ફેરવવાની, રદ કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની,

D-(ઘ) નગરપાલિકાનો પ્રમુખ તાકીદના પ્રસંગોએ, જે કોઈ કામ કરવા અથવા બંધ કરવા માટે અથવા જે કોઈ કાર્ય કરવા માટે નગરપાલિકાની મંજૂરીની જરૂર હોય અને જે કામ કરવાનું અથવા બંધ કરવાનું અથવા જે કાર્ય કરવાનું તેના અભિપ્રાય પ્રમાણે લોકોના ઉપયોગ અથવા તેમની સલામતી માટે તાત્કાલિક જરૂર હોય તે કોઈ કામ કરવાનો અથવા બંધ કરવાનો અથવા તો કોઈ કામ કરવાનો લેખિત આદેશ કરી શકશે. અને તેવું કામ અથવા કાર્ય કરવાનું ખર્ચ

નગરપાલિકાના ફંડમાંથી આપવું એવો લેખિત આદેશ કરી શકશે.

પરંતુ–

A-(ક) કોઈ ખાસ કામ અથવા કાર્ય કરવા ઉપર પ્રતિબંધ કરતાં નગરપાલિકાના કોઈ હુકમનું ઉલ્લંઘન થાય એ રીતે તેણે આ કલમ અન્વયે વર્તવું નહિ. અને

B-(ખ) આ કલમ અન્વયે લીધેલાં પગલાં અને તેનાં કારણો કારોબારી સમિતિએ અને નગરપાલિકાને તેની આગામી બેઠક વખતે તેણે તુરત જણાવવાં જોઈએ.

## વિવરણ

કલમ ૪૫માં એવા જે શબ્દો વપરાયા છે કે પ્રમુખ જે મીટીંગ પર 'પ્રિસાઇડ' કરે છે, તે મીટીંગના કામકાજને નિયમિત કરવાનો હક છે તે અંગે તેને અંતર્ગત એ સત્તા પણ મળે છે કે ગમે તે કારણસર તે મિટિંગમાં અવ્યવસ્થા કે અંધાધુંધીથી ફેલાય છે તો તેને મુલત્વી રાખવાની પણ તેને મૂળભૂત સત્તા છે. કેટલીય મ્યુ.ઓમાં દા. ત., જામનગર મ્યુ.માં આ માટે માર્ગદર્શન આપવા કોઈ રૂલનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી. એમાં કદાચ શુદ્ધ ઉદ્દેશનો અભાવ હોય તેમ બને ત્યારે તેવું પગલું લઈ શકાય છતાં એકાદ કાઉન્સિલની ધમાલીયા વૃત્તિ કે આચરણને લીધે આખી મીટીંગ મુલત્વી રાખવી તે એક આપખુદ પગલું છે. દરેક કેસનો આ માટે ગુણદોષ પર વિચાર કરવાનો છે. ***(૧૯૭૧(૧૨) ગુ.લૉ.રી ૭૬૧)***

સભ્ય તરીકે ચાલુ રહેવામાં ગેરલાયક કરવા બાબત મ્યુનિ.ના પ્રમુખ મ્યુનિ.ની કોઈપણ જમીન વાપરવાની પરવાનગી માટે અરજી કરવામાંથી બાકાત નથી. કલમ ૧૧(૩)(એ)(૧) અને કલમ ૧૨(૨)(સી) હેઠળ સામાન્ય ગેરલાયક છે. કલમ ૩૮(૧)(બી)(૧) તે અપવાદનો અપવાદ છે. ચીફ ઓફિસરે મંજૂર કરેલ મ્યુનિ.ની જમીનનો પટ્ટો મેળવવા પ્રમુખ, સભ્ય અથવા પ્રમુખ તરીકે ચાલુ રહેવાથી બાકાત કરી શકાય નહિ. ***(એ.આઈ.આર. ૧૯૭૪ સુ.કો. ૮૨)***

પ્રમુખની જાણ બહાર ઓક્ટ્રોઈ કમિટી અથવા મેનેજિંગ કમિટીએ નગરપાલિકાના ઓક્ટ્રોઈ ઇન્સ્પેક્ટરની બદલી કરી તે ગેરકાયદેસર છે-પ્રમુખે કરેલ બદલીને રદ કરતાં હુકમનો કાયદેસર રીતે અમલ કરવા ચીફ-ઓફિસર છે-તે જ યોગ્ય હોય છે. ***(૧૯૮૪ ગુ.લૉ.રી. ૩૭૭)***

પ્રમુખ-સ્ટાફ ઉપર સત્તા વાપરવી દેખરેખ અને નિયંત્રણની તેમાં શિસ્ત ને લગતી સત્તાનો સમાવેશ થતો નથી. ***(૧૯૭૭(૨) એલ.એલ.આર. ૭૬૪ ગુજ.)***

**બો. મ્યુ. બરો એક્ટ હેઠળ કેસ લૉ :** કલમ ૩૧(૧) બરોડા મ્યુનિ.એ નિયમો ઘડ્યા, નિયમ ૧૮ ક્ષેત્રમર્યાદા પ્રસ્તાવ રજૂ કરવાની અને ચર્ચા કરવાની છૂટ-પ્રમુખને તેનો ભંગ કરવાની સત્તા નથી. તેને મતદાન ઉપર મૂકવાની છૂટ નથી. ***(૧૯૬૬(૭) ગુ.લૉ.રી. ૩૬૭, ૩૭૫, ૩૭૭)***

સરકારી ફરજ બજાવતી વખતે અથવા બજાવ્યાનું અભિપ્રેત હોય તે દરમિયાન ગુનો કર્યો તેની સામેની કાનૂની કાર્યવાહીના સંબંધમાં ખર્ચાની ચૂકવણીને મ્યુનિ. પ્રમુખે આદેશ કર્યો. આઈ.પી.સી.ની કલમ ૪૦૯ હેઠળ ફરિયાદ હોવાથી કલમ ૧૯૭ હેઠળ મંજૂરીની જરૂર. ***(૧૯૬૧(૧) ક્રી.લૉ.જ. ૪૯૯. એ.આઈ.આર. ૧૯૬૧ ગુ.લો.રી. ૬૫૭)***

કલમ ૪૫ અને ધોળકા મ્યુનિસિપલ રૂલ્સ – નિ. ૬૮ મેનેજિંગ કમિટીએ ઓક્ટ્રોઈ ઇન્સ્પેકટરની ટેક્સ ક્લાર્ક તરીકે બદલી કરી. નગરપાલિકાના પ્રમુખની સલાહ લીધેલ નહિ પ્રમુખ જ ઓક્ટ્રોઇ ઇન્સ્પેકટરની બદલી કરી શકે છે. ***(૧૯૮૪ ગુ.લૉ.રી. ૩૭૭)***

### ☐ ક. ૪૬. ઉપ–પ્રમુખના કાર્યો :

નગરપાલિકાના ઉપ-પ્રમુખની નીચે પ્રમાણે ફરજ રહેશે–

Scanned with CamScanner

A-(ક) પ્રમુખની ગેરહાજરીમાં અને વાજબી કારણસર અશક્ય હોય તે સિવાય, નગરપાલિકાની બેઠકોનું પ્રમુખસ્થાન લેવાની અને એ રીતે પ્રમુખસ્થાન લે ત્યારે કલમ ૪૫ના ખંડ(ક) અન્વયે પ્રમુખને હોય તે જ અધિકાર તે વાપરશે;

B-(ખ) પ્રમુખ વખતોવખત તેને પોતાની સત્તા અને ફરજો સોંપે તે સત્તા વાપરવાની અને તે ફરજો બજાવવાની; અને

C-(ગ) પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી અથવા પ્રમુખ ગેરહાજર હોય તે દરમિયાન પ્રમુખની સત્તા વાપરવાની અને તેની ફરજો બજાવવાની.

## ૩. નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ

### □ ક. ૪૭. મુખ્ય અધિકારી અને બીજા અધિકારીઓની નિમણૂક :

(૧)(ક)(A) દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નીમેલા એક મુખ્ય અધિકારી રહેશે.

(ખ-B) નગરપાલિકાના મુખ્ય અધિકારીની, ઠરાવની તરફેણમાં મત આપતા નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ સંખ્યાના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી બહુમતિથી તે મતલબનો ઠરાવ પસાર કર્યો હોય તો, રાજ્ય સરકાર, તે નગરપાલિકામાંથી તરત જ તેની બદલી કરવામાં આવશે.

(૨) નગરપાલિકા, નિયામકની પૂર્વમંજૂરીથી અને રાજ્ય સરકાર એવી રીતે ફરમાવે તો, નીચેના તમામ અથવા તે પૈકી કોઈ અધિકારીને નીમી શકશે :

(૧) નગરપાલિકા ઇજનેર;

(૨) વોટર વર્કસ ઇજનેર;

(૩) નગરપાલિકા આરોગ્ય અધિકારી;

(૪) નગરપાલિકા ઓડિટર;

(૫) નગરપાલિકા શિક્ષણ અધિકારી;

(૬) આ અર્થે રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈપણ અધિકારી,

(૩) કલમ ૪૭-ક(A)ની જોગવાઈઓને આધીન રહીને, પેટાકલમો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૪) કલમ ૪૭-ક(A)ની જોગવાઈઓને આધીન રહીને, પેટાકલમ (૨)માં ઉલ્લેખેલ જગાઓ ઉપર નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં નિહિત થશે.

**વિવરણ**

**અગાઉ કલમ ૪૭ નીચે પ્રમાણે હતી :**

**ક. ૪૭. મુખ્ય અધિકારી, આરોગ્ય અધિકારી અને ઇજનેરની નિમણૂક :**

(૧) દરેક નગરપાલિકા માટે, નગરપાલિકાએ નીમેલા મુખ્ય અધિકારી રહેશે.

(૨) પેટાકલમ (૩)માં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, મુખ્ય અધિકારી તરીકે નીમાનાર વ્યક્તિ કોઈ માન્ય યુનિવર્સિટીનો, સ્નાતક અથવા લાયકાત ધરાવતો ઇજનેર અથવા જે વ્યક્તિ સ્થાનિક સ્વરાજ્યની અથવા રાજ્ય સરકારે માન્ય કરેલી કોઈ સંસ્થાનો ડિપ્લોમા ધરાવતી હોય અને જેને ઓછામાં ઓછો સાત વર્ષનો નગરપાલિકાના વહીવટી કામનો અનુભવ હોય તેવી વ્યક્તિ હોવી જોઈશે.

(૩) પેટાકલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી કોઈ લાયકાત નહિ ધરાવનાર વ્યક્તિને રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી મુખ્ય અધિકારી તરીકે નીચેના સંજોગોમાં નીમી શકાશે–

A-(ક) આવી નિમણૂક કામચલાઉ હોય તો, અથવા

B-(ખ) નગરની વાર્ષિક આવક બે લાખ રૂપિયા કરતાં ઓછી હોય તો,

પરંતુ બે મહિનાથી વધુ નહિ તેટલી કોઈ મુદત માટેની કોઈ કામચલાઉ નિમણૂકની બાબતમાં આવી

કોઈ મંજૂરી જરૂરી રહેશે નહિ.

(૪) રાજ્ય સરકાર કોઈ નગરપાલિકાને એમ કરવાનો આદેશ કરે તો નગરપાલિકા આરોગ્ય અધિકારીને અથવા જમીન મૂલ્યાંકન અધિકારીને અથવા આદેશ કરવામાં આવે તેવા બીજા અધિકારીને નીમશે.

(૫) પેટાકલમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ નગરપાલિકા, કામચલાઉ અથવા કાયમી ધોરણે આરોગ્ય અધિકારીને, જમીન મૂલ્યાંકન અધિકારીને અને ઇજનેરને અથવા આવા અધિકારીઓ પૈકી કોઈપણ એક અથવા વધુ અધિકારીને નીમી શકશે.

(૧) જૂના બરોઝ એક્ટ પ્રમાણે નોકરિયાતોની નિમણૂક અંગે એમ સ્થિતિ છે કે કોઈપણ નોકરિયાતને સામાન્ય રીતે તેના સુપરએન્યુએશન પછી અથવા તો કોઈપણ સ્થાયી જગા કે જેનો શિડ્યુલ ૩માં ઉલ્લેખ છે તેમની નોકરી પર નિમણૂક કરવી હોય તો પછી તે માટે તે કાયદા હેઠળ ૨૨૬ રૂલની કાર્યવાહી કરવી પડે. એવી કાર્યવાહીને કૂદી જઈ એવી નિમણૂક કરવાનો પોતાને અધિકાર છે તેમ કરવું તે કાયદા મુજબ નથી. આથી આવો ઠરાવ રદ થવાને પાત્ર છે. *(૫૯, બી.એલ.આર. ૧૦૮૮)*

(૨) મ્યુનિસિપાલિટીની એક મીટીંગમાં ઠરાવ થયો કે ચીફ ઓફિસરને નોકરી ઉપરથી કાઢી મૂકવામાં આવે છે. તે ઉપર સુધારો આવ્યો કે મ્યુ.એ લેખિત કસૂર બદલ તેમને જે જવાબ આપવો હોય તે સાંભળવો. પ્રમુખે તે સુધારો રદ કર્યો. ચીફ ઓફિસરે મ્યુ. સામે દાવો કર્યો કે રૂલ ૧૮૨ પ્રમાણે તેમને સાંભળ્યા પછી જ આવો ઠરાવ આવી શકે અને તેવો રૂલ દરેક મ્યુ. નોકરને માટે છે.

એમ ઠરાવવામાં આવ્યું કે આવો રૂલ 'મેન્ડેટરી' નથી પરંતુ 'ડાયરેકટરી' છે. આથી તેમની સામે થયેલો ઠરાવ 'વોઈડ' નથી પરંતુ 'વાઈડેબલ' એટલે કે રદ કરાવવા લાયક છે. એટલે કે આપમેળે જ રદ થાય તેવો નથી. આ તો નોકરીનો અંત છે એટલે તે માટે નુકસાનીનો દાવો લાવવા તેમને માટે દાવાનું કારણ પૂરું પાડે છે. પ્રેસીડેન્ટે તે ઉપરનો સુધારો રદ કર્યો તેથી મૂળ ઠરાવને કોઈ અસર પહોંચતી નથી.

રૂલ ૧૮૨ની જોગવાઈઓની અવગણના છતાં મ્યુ.ને એમ કહેવાનો હક્ક છે કે તે ભાઈ પોતાની નોકરી અંગે બેદરકાર અને મનસ્વી હતા આથી હકાલપટ્ટી વ્યાજબી હતી.

ઠરાવ આપ્યો છે કે વાદી ફક્ત એક માસના પગાર પૂરતી નુકસાની માટે હકદાર છે. *(૮૫૩ બોમ્બે લૉ. રી. ૨૮૨)*

**નોંધ :** આ રૂલીંગ પછી નોકર, માલિક, મ્યુનિસિપાલિટી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો બંધારણીય હક્કો વિ.ને અંગે જે સ્થિતિ કાયદાકીય ક્ષેત્રે સર્જાઈ છે તે જોતાં આ ચુકાદો હવે ટકી રહે તેમાં શંકા છે.

(૩) સ્ટેચ્યુટરી ડ્યુટી કાયદાથી નાંખેલી ફરજ તેની અસર એ છે કે કાયદાએ ફરિયાદ દાખલ કરવાની ફરજ ચીફ ઓફિસર પર નાંખી છે પરંતુ તેને બદલે ચીફ ઓફિસરની જગાનો તત્કાલીન હવાલો ધરાવનાર વ્યક્તિએ ફરિયાદ દાખલ કરી.

ચુકાદો-આવી વ્યક્તિ ન તો ફરિયાદ માટે રજામંદી આપી શકે કે ન તે ફરિયાદ દાખલ કરી શકે. ***સ્ટેટ ઓફ ગુજરાત વિ. ધીરજલાલ અમૃતલાલ, ૧૯૭૫(૧૬) ગુજરાત લૉ. રી. ૯૮૨.***

(૪) **ચીફ ઓફિસરની નિમણૂક-લાયકાતો :** પેટાકલમ (૨)ની જોગવાઈઓની રૂએ, ચીફ ઓફિસર તરીકે નિમવાની વ્યક્તિને સાત વર્ષનો મ્યુનિ. વહીવટી કામનો અનુભવ હોવો જોઈએ અને તે માન્ય યુનિવર્સિટીની પદવી ધરાવતા હોવા જોઈએ. અથવા લાયકાતવાળો એન્જીનીયર હોવો જોઈએ. અથવા લોકલ સેલ્ફ ગવર્નમેન્ટમાં ડીપ્લોમા ધરાવતી હોવી જોઈએ આ તમામ લાયકાતો નિમણૂક માટે પાત્ર થવા તમામ વ્યક્તિમાં હોવી જોઈએ. (૨૦(૨) ૧૯૭૯ ગુ.લૉ.રી. ૯૭)

**કલમ ૪૭, ૫૦, ૨૬૦ અને ૨૭૧; ગુજરાત પંચાયત એક્ટ, ૧૯૯૩, કલમ ૨૨૭ અને ૨૩૫; ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ, ૧૯૪૭, કલમ ૧૪ :** જ્યારે સ્થાનિક સંસ્થામાં ભરતી ભરતીના નિયમોથી અસંગત કરવામાં આવી હોય ત્યારે લેબર કોર્ટ/ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલ્સ કાયમી કે નિયમિત થવાના લાભો આપતા આદેશો આપી ન શકે - જ્યારે સ્થાનિક સંસ્થાએ ભરતીના નિયમોથી અસંગત ભરતી કરી હોય અને મ્યુનિસિપાલિટીના

Scanned with CamScanner

ડાયરેકટરની અગાઉથી મંજૂરી લીધી ન હોય કે જે કાનૂની જરૂરિયાત છે - રોજગારમાં અતિરેક અટકાવવા આદેશ આપી શકાય અને મ્યુનિસિપાલિટી આવા આદેશોથી બંધાયેલી છે. *- અમરેલી મ્યુનિસિપાલિટી વિ. ગુજરાત પ્રદેશ મ્યુનિસિપલ એમ્લોઈઝ યુનિયન ૨૦૦૪ (૨) જીએલએચ ૬૯૨ (ગુજ. હાઈકોર્ટ)*

**કલમ ૪૭, ૫૦, ૨૬૦ અને ૨૭૧; ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ , ૧૯૪૭, કલમ ૨(જે), ૨(કે), ૨(એસ) અને ૧૦; ભારતીય બંધારણ, આર્ટિકલ ૧૪, ૧૬, ૨૧** - મ્યુનિસિપલ કર્મચારીની નિમણૂક નિયમિત સીલેકશન પ્રોસેસ સિવાય કરવામાં આવી હોય તો તેવી નિમણૂંક રેગ્યુલરાઈઝ કરવાની ઈન્ડસ્ટ્રિયલ કોર્ટ કે લેબર કોર્ટને અધિકાર નથી. વિશેષમાં મ્યુનિસિપાલિટીની કર્મચારીઓ સંબંધમાં આર્થિક ભાર સહન કરવાની ક્ષમતા બજેટનો પ્રોવિઝન અને કર્મચારીની નિયત કરેલી સંખ્યા વગેરે ધ્યાનમાં લીધા સિવાય લેબર કોર્ટ કે ઈન્ડસ્ટ્રિયલ કોર્ટ આવી રીતે બારોબાર નિમણૂક પામેલ કર્મચારીની નોકરી રેગ્યુલરાઈઝ કરવાનો આદેશ આપી શકે નહિ. ૧૯૯૩ (૨) જીએલઆર ૯૯૭ અને ૧૯૯૫ જીએલઆર ૧૮૯ના ફેંસલા રદ ઠર્યા.

*- અમરેલી મ્યુનિસિપલ વિ. ગુજરાત પ્રદેશ મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ યુનિયન (૨૦૦૪) ૩ જીએલઆર ૧૮૪૧ એએલટી ૬૭૬*

## ☐ ક. ૪૭-ક-(A) નગરપાલિકા સેવાની રચના :

(૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ અધિનિયમ હેઠળ કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે નગરપાલિકાના અધિકારીઓની સેવાઓ એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે તો તે, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જાહેરનામા દ્વારા,

A-(ક) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી સંખ્યાની વસતી ધરાવતી મ્યુનિસિપલ બરોમાંની તમામ નગરપાલિકાઓના સંબંધમાં,

**(૧) આવી નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓની, અને**

(૨) કલમ ૪૭ની પેટાકલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા બીજા કોઈ પણ અધિકારીઓની. નગરપાલિકા સેવા અથવા સેવાઓ (જેનો આમાં હવે પછી "જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હોદ્દા" તરીકે કહ્યા છે તે) રચી શકશે;

B-(ખ) વખતોવખત એવો આદેશ કરી શકશે કે આવી દરેક નગરપાલિકા સેવા, તેવા વર્ગો, કેડરો અને જગાઓ (જગાઓના ગ્રેડ સહિત)ની બનશે; અને

C-(ગ) આવા દરેક વર્ગ અથવા કેડરમાંની શરૂઆતની અધિકારીઓની સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે.

**(૨) રાજ્ય સરકાર નીચેના માટે નિયમો કરી શકશે :**

A-(ક) કોઈપણ નગરપાલિકા હેઠળ અગાઉ કામ કરતી વ્યક્તિઓની આ કલમ હેઠળ અથવા અન્યથા રચાયેલ નગરપાલિકા સેવામાં સમાવવા માટેની જોગવાઈઓ સહિત, પરીક્ષાઓ લઈને અથવા અન્યથા ભરતી કરવાની રીતનું નિયમન કરવા માટે;

B-(ખ) જે વ્યક્તિ સમાવાનું પસંદ ન કરે અથવા આવી કોઈપણ સેવામાં તેમને સમાવવામાં ન આવે તેવી અથવા નિવૃત્ત થવાનું પસંદ કરે તેવી વ્યક્તિને વળતર, પેન્શન અથવા ગ્રેજ્યુઇટી અથવા તેના જેવા બીજા છેવટના લાભો માટે જોગવાઈ કરવા માટે; અને

C-(ગ) આવી નગરપાલિકાની સેવામાં નીમાયેલ અથવા તેમાં સમાયેલ વ્યક્તિઓની સેવાની શરતો માટે;

પરંતુ આવી કોઈ પણ સેવામાં સમાવાયેલ કોઈપણ વ્યક્તિની સેવાની બોલીઓ અને શરતો, આવી રીતે સમાવેશ કર્યાની તરત જ પહેલાં તેને લાગુ પડતા લાભો કરતાં ઓછી લાભદાયી થશે નહિ.

(૩) આ કલમ હેઠળ રચાયેલ આવી નગરપાલિકા સેવા ઉપર નીમાયેલ અથવા તેમાં સરેરાશ કરેલ વ્યક્તિઓને કલમ-૪૮ની જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે;

**પરંતુ એવી રીતે લાગુ પડવાનું બંધ થવાથી, આવી કોઈપણ સેવામાં સમાવાયેલ વ્યક્તિઓના સંબંધમાં**

અમલને બાધ આવશે નહિ.

(૪) કલમ ૪૭ની પેટાકલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં આ કલમ હેઠળ રચાયેલી કોઈપણ નગરપાલિકાના અધિકારીઓની બદલીઓ અને બઢતીઓ સહિત નિમણૂક કરવાની સત્તા અને તેમની નોકરીની શરતોને લગતી તમામ બાબતો સંબંધી સત્તા, રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૫) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકામાં કામગીરી કરતા અધિકારીઓ રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે, પણ તેઓ તેમના પગારો તથા ભથ્થાં સંબંધિત નગરપાલિકા ફંડમાંથી લેશે.

(૬) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવાના કોઈપણ અધિકારીઓના પેટાકલમ (૫) હેઠળ નગરપાલિકા ફંડમાંથી આકારવામાં આવ્યા હોય તે સિવાયના પેન્શન, રજા અને ભથ્થાં પેટે રાજ્ય સરકાર વહીવટી ખર્ચ, રાજ્ય સરકારને નગરપાલિકા ફંડમાંથી ફાળો આપવાનો રહેશે. કોઈપણ નગરપાલિકા, આ અર્થે ઠરાવેલી મુદતની અંદર આવું ખર્ચ અથવા આવા અધિકારીઓના પગાર અને ભથ્થાં ન આપે તો, કલમ ૨૬૨ની પેટાકલમ (૩)ની જોગવાઈ, તે કલમ હેઠળ આપેલ ન હોય તેવા ખર્ચ અથવા માંગણાંઓની ચૂકવણીના સંબંધમાં લાગુ પડે છે તે રીતે આવા ખર્ચની અથવા આવા અધિકારીઓના પગાર તથા ભથ્થાંની ચૂકવણીને લાગુ પડશે.

## □ ક. ૪૮. શિક્ષા કરવા બાબત :

(૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, અને કલમ ૪૭-ક હેઠળ કરેલ કોઈપણ નિયમોને આધીન રહીને, સબળ અને પૂરતા કારણોસર, નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચેની શિક્ષાઓ કરી શકાશે :

(૧) ઠપકો;

(૨) લાયકીઆડ પર અટકાવવા સહિત, ઇજાફાઓ અથવા બઢતી અટકાવવી;

(૩) નિયત પગાર અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં અથવા સમયશ્રેણી પગારધોરણમાં નીચલા તબક્કામાં નીચલી જગા ઉપર ઉતારવો;

(૪) ગફલત અથવા હુકમના ભંગથી નગરપાલિકાને થયેલ આર્થિક નુકસાન તેના પગારમાંથી સંપૂર્ણતઃ કે અંશતઃ વસૂલ કરવું;

(૫) દંડ;

(૬) સેવા મોકૂફી;

(૭) ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ન ઠરે તેવી રીતે સેવામાંથી દૂર કરવો;

(૮) સેવામાંથી બરતરફી, જે સામાન્ય રીતે ભવિષ્યની નોકરી માટે ગેરલાયક થાય.

(૨) નગરપાલિકાના કોઈ અધિકારી અથવા કર્મચારીની નિમણૂક કરવાને સક્ષમ હોય તેવા સત્તાધિકારી, પેટાકલમ (૧)માં જણાવેલી શિક્ષાએ પૈકીની કોઈપણ શિક્ષા, આવા અધિકારી અથવા કર્મચારીને કરી શકશે.

(૩) કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચલી જગા ઉપર ઉતારી શકાશે નહિ અથવા નોકરીમાંથી દૂર કરી શકાશે નહિ અથવા બરતરફી કરી શકાશે નહિ અને કોઈ આર્થિક નુકસાનવાળી કોઈપણ શિક્ષા, આ કલમ હેઠળ તેને કરી શકાશે નહિ, સિવાય કે તેને એવી રીતે પાયરી ઉતાર, દૂર કરવા, બરતરફ કરવા અથવા શિક્ષા કરવા સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય;

**પરંતુ આ પેટાકલમ નીચેના પ્રસંગે લાગુ પડશે નહીં :**

A-(ક) ફોજદારી તહોમત અંગે દોષિત ઠરે તેવી વર્તણૂકના કારણે કોઈ વ્યક્તિને પાયરી ઉતાર, દૂર કરવા અથવા બરતરફ કરવાની શિક્ષા કરવામાં આવી હોય ત્યારે; અથવા

B-(ખ) સક્ષમ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે આવા સત્તાધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, આવી વ્યક્તિને કારણ દર્શાવવાની તક આપવાનું વાજબી રીતે વ્યવહારુ ગણ્યું ન હોય ત્યારે.

(૪) નીચેનાં કોષ્ટકના કોલમ (૧)માં જણાવેલ શિક્ષા નાખતા અધિકારીએ કરેલી કોઈ શિક્ષા નાખતા

Scanned with CamScanner

Scanned with CamScanner

(૬) કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ એટલે ન્યાયની કસૂવાવડ-*(આઈ.એલ.આર. (૧૯૭૨) ગુજ. ૧૦૦૦)* કલમ ૪૮ હેઠળ શિક્ષાત્મક પગલાં લઈ શકે છે. એજન્ટ-

(૭) કલમ ૪૮ હેઠળનો ઠરાવ બે-તૃતીયાંશ બહુમતિથી પસાર કરેલ, સભ્યના અથવા પ્રમુખના પક્ષે ...ીયાઝની દલીલ સ્વીકારી શકાય નહિ. દરેક મતદારે સ્વતંત્ર વિચાર કર્યા પછી પોતાનો મત આપ્યો હોવાનું ...ણાય. *(૧૯૯૦(૨) ગુ .લૉ.રી. ૧૨૧૧)*

**કલમ ૪૮ :**

મ્યુનિસિપાલિટી દ્વારા ચીફ ઓફિસરને નોકરીમાંથી દૂર કરવામાં આવેલ. કલમ ૪૮ દ્વારા મ્યુનિસિપાલિટીને ... સત્તાઓ આપવામાં આવે છે તે અર્ધન્યાયિક (**qusis Judicial**) પ્રકારની છે. સત્તામાં કુદરતી ન્યાયના ...દ્ધાંતોનો અનુસરવાની ફરજનાં પણ સમાવેશ થાય છે. ચીફ ઓફિસરને નોકરીમાંથી મ્યુનિસિપાલિટીએ ઠ...વ કરી કોઈપણ જાતની તક આપ્યા સિવાય દૂર કરવાના ઠરાવને રદ કરવામાં આવ્યો.

***- શીવપ્રસાદ ઉમાશંકર વિ. મ્યુનિસિપાલિટી ઓફ પાલિતાણા, ૧૯૯૭(૨) જી.એલ.આર. ૧૪૬૦.- ...મદાવાદ લો ટાઈમ્સ ૧૯૯૭ પાનાનં-૭૬૨.***

**કલમ ૪૮ (૧) :**

ખાતાકીય તપાસ બાકી હોય તે દરમ્યાન ફરજ મોકુફી અટકાયત સ્વરૂપની છે - આવા પગલાંને દંડનીય ...હી ન શકાય અને તેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરવું જરૂરી નથી.

***- પુનમચંદ એસ. પટેલ વિ. કપડવંજ નગરપાલિકા, ગુજરાત હાઈકોર્ટ, ૧૯૯૮(૨) જી.એલ.એચ. ૬૫ - ...મદાવાદ લો ટાઈમ્સ ૧૯૯૮- પાનાનં-૮૪૯.***

## ... ક. ૪૯. મુખ્ય અધિકારીની સત્તા અને ફરજો :

(૧) મુખ્ય અધિકારી,

A-(ક) પ્રમુખના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખને આધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી તંત્ર ઉપર દેખરેખ રાખશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમના ઉપર નાખવામાં આવે તેવી ફરજો બજાવશે અથવા તેને મળે તેવી અથવા સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે.

B-(ખ) નગરપાલિકાના તમામ નિર્ણયો અથવા ઠરાવોને અમલમાં લાવવા માટે પગલાં લેશે;

C-(ગ) નગરપાલિકાના હિસાબો અને રજિસ્ટરો રખાવશે અને દેખરેખ રખાવશે;

D-(ઘ) નગરપાલિકાના હુકમોને આધીન રહીને, ઓડિટરે દર્શાવેલી કોઈ અનિયમિતતા દૂર માટે ઝડપી પગલાં લેશે;

E-(ચ) અંદાજપત્ર તૈયાર કરશે અને તે કારોબારી સમિતિને સાદર કરશે;

F-(છ) નગરપાલિકાના નાણાં તથા મિલકતને લગતાં કપટ, ઉચાપત, ચોરી અથવા નુકસાનના તમામ કેસોનો રિપોર્ટ, પ્રમુખ અને સંબંધિત સમિતિને કરશે;

G-(જ) નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે;

H-(ઝ) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો, ઉપ-નિયમો અને સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંબંધમાં પગાર, ભથ્થાં, રજા અને બીજા લાભો સંબંધી તમામ પ્રશ્નોનો નિર્ણય કરશે;

I-(ટ) કલેકટરને અથવા કલેકટર આ અર્થે વખતોવખત નીમે તેવા બીજા અધિકારીને, નગરપાલિકાની

Scanned with CamScanner

કોઈપણ બેઠકમાં પસાર કરેલ દરેક ઠરાવની નકલ પૂરી પાડશે.

(૨) મુખ્ય અધિકારી, નિયામકની પૂર્વમંજૂરીથી, કોઈ નગરપાલિકા અધિકારી અથવા કર્મચારીને પોતાની સત્તા અથવા ફરજો સોંપી શકશે :

પરંતુ આવી સોંપણી, નિયામક ઠરાવે તેવી મર્યાદાઓ હોય તો તેને અને મુખ્ય અધિકારીના નિયંત્રણ અને સુધારાને આધીન રહેશે.

## વિવરણ

**અગાઉ કલમ ૪૯ નીચે પ્રમાણે હતી :**

**ક. ૪૯. મુખ્ય અધિકારીની સત્તા અને ફરજો :**

(૧) મુખ્ય અધિકારી-

A-(ક) પ્રમુખના સામાન્ય નિયંત્રણને અધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી વહીવટ ઉપર દેખરેખ રાખશે અને આ અધિનિયમથી તેના ઉપર વિશિષ્ટ રીતે મૂકેલી તમામ ફરજો તથા આપેલી તમામ સત્તા વાપરશે.

B-(ખ) પેટાકલમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને ખંડ (C-ગ)માં ઉલ્લેખેલી નિમણુકોના સંબંધમાં નગરપાલિકા કારોબારી વહીવટની બાબતોમાં તથા નગરપાલિકાના હિસાબો અને દફતરોને લગતી બાબતોમાં નગરપાલિકાના તમામ અધિકારીઓ તથા નોકરોનાં કાર્યો તથા નિયંત્રણ રાખશે અને વધુમાં તે સમયે અમલમાં હોય એવા નગરપાલિકાના નિયમોને આધીન રહીને અધિકારીઓ તથા નોકરોની નોકરીને લગતા તથા તેમના પગાર, વિશેષાધિકાર, રજા અને ભથ્થાંને લગતા તમામ પ્રશ્નોનો નિકાલ કરશે.

C-(ગ) પેટાકલમ (ઘ)ની જોગવાઈઓને આધીન રહીને કલમ ૨૭૧ના ખંડ (D-ઘ) અન્વયે કરેલા નિયમોથી નક્કી કર્યા પ્રમાણે જે કોઈ જગાનું માસિક વેતન રૂપિયા ૨૦૦ કરતાં વધારે ન હોય તે જગા ઉપર તથા બીજી જે કોઈ જગાની નિમણુક બાબત એવા નિયમોથી બીજી રીતે પ્રબંધ કર્યો ન હોય તે જગા ઉપર નિમણુક કરશે.

D-(ઘ) કલેકટરને અથવા કલેકટર આ અર્થે વખતોવખત નિયુક્ત કરે તેવા બીજા અધિકારીને નગરપાલિકાની કોઈપણ બેઠકમાં પસાર થયેલા દરેક ઠરાવની એક નકલ મોકલી આપશે.

E-(ચ) આ અધિનિયમના તથા તે અન્વયે કરેલા અને તે સમયે અમલમાં હોય તેવા ઉપ-નિયમની જોગવાઈઓને અધીન રહીને, બજારો અથવા કતલખાનાં માટેનાં લાઇસન્સો સિવાયનાં બીજાં જે તમામ લાઇસન્સો અને પરવાનગીઓ આ અધિનિયમ અન્વયે નગરપાલિકા અથવા કારોબારી સમિતિ આપી શકે તે તમામ લાઇસન્સો તથા પરવાનગીઓ પોતાની સહીથી કાઢશે તથા આપશે;

F-(છ) ઉપર જણાવેલી સત્તા અન્વયે તેણે આપેલ લાઇસન્સો તથા પરવાનગીઓ બદલ ભરવાની તમામ ફી લેશે તથા વસૂલ કરશે અને તે નગરપાલિકા ફંડ ખાતે જમા કરશે.

G-(જ) યથાપ્રસંગ પ્રમુખની અથવા કારોબારી સમિતિના અથવા નગરપાલિકાના હુકમોની અધીન રહીને કલમ ૭૭ અન્વયે નીમેલા ઓડિટરે બતાવેલી કોઈ નિયમબદ્ધતા દૂર કરવાને સત્વરે પગલાં લેશે.

H-(ઝ) નગરપાલિકાનાં નાણાં તથા મિલકતને લગતાં કપટ, ઉચાપત, ચોરી અથવા નુકસાનના તમામ કેસોનો રિપોર્ટ પ્રમુખને તથા કારોબારી સમિતિને કરશે.

Scanned with CamScanner

(૨) મુખ્ય અધિકારી–

A-(ક) પેટાકલમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને જેનું માસિક વેતન રૂપિયા ૨૦૦ કરતાં વધારે ન હોય તેવા નગરપાલિકાના કોઈ નોકરો અને વધુમાં તે સમયે અમલમાં હોય તેવા નિયમોની જોગવાઈઓને અધીન રહીને નગરપાલિકાના કલમ ૪૭ની પેટાકલમ (૪) અથવા (૫) અન્વયે નિમવામાં આવેલ અધિકારી, ઇજનેર અથવા ઓડિટર ન હોય એવા કોઈ બીજા નગરપાલિકાના અધિકારી અથવા નોકરને દંડ કરી શકશે, તેને પાયરીમાંથી ઉતારી શકશે. તેને હોદ્દા પરથી મોકૂફ રાખી શકશે અથવા પદચ્યુત કરી શકશે.

પરંતુ એક અઠવાડિયાના વેતન કરતાં વધારે ન હોય એટલા દંડ સિવાયની બીજી કોઈ શિક્ષાના સંબંધમાં તેના હુકમ સામે કારોબારી સમિતિને અથવા તે સમયે અમલમાં હોય તેવા નિયમોમાં એવું ઠરાવ્યું હોય તો નગરપાલિકાને અપીલ થઈ શકશે.

B-(ખ) આ અધિનિયમના તથા તે સમયે અમલમાં હોય તેવા તે અન્વયેના ઉપનિયમોની જોગવાઈઓને અધીન રહીને જેમાં લાઇસન્સ આપવાનો તેને અધિકાર આપ્યો હોય અને જેમાં નગરપાલિકા અથવા કારોબારી સમિતિ આવું લાઇસન્સ તહકૂબ કરી શકે, આપવાની ના પાડી શકે અથવા પાછું ખેંચી લઈ શકે તે દરેક કેસમાં પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે કોઈ લાઇસન્સ તહકૂબ કરી શકશે, આપવાની ના પાડી શકશે અથવા પાછું ખેંચી લઈ શકશે.

C-(ગ) કારોબારી સમિતિની મંજૂરીથી પોતાની કોઈ સત્તા અથવા ફરજો નગરપાલિકાના કોઈ અધિકારી અથવા નોકરને સોંપી શકશે.

પરંતુ એવી સોંપણી કારોબારી સમિતિ ઠરાવે એવી મર્યાદા હોય તો તેને તેમજ મુખ્ય અધિકારીની નિયંત્રણ તથા ફેરતપાસને અધીન રહેશે.

(૩) મુખ્ય અધિકારીએ નગરપાલિકા અથવા કારોબારી સમિતિ મંગાવે તે કોઈ પત્રક, વિવરણ પત્રક, હિસાબ અથવા રિપોર્ટ અથવા પોતાના હવાલામાંના કોઈ દસ્તાવેજોની નકલ કોઈપણ વખતે પૂરાં પાડશે અને તે ઉપર નગરપાલિકા અથવા કારોબારી સમિતિ જે કોઈ હુકમ કરે તેનું પાલન કરશે.

(૪) નગરપાલિકામાં નિહિત થયેલી અથવા નગરપાલિકા નિભાવતી હોય તેવી કોઈ પ્રાથમિક અથવા બીજી શાળામાં અથવા નગરપાલિકા મદદ આપતી હોય તેવી કોઈ શૈક્ષણિક સંસ્થામાં નોકરીએ રાખેલા કોઈ માસ્તર, શિક્ષક અથવા બીજી વ્યક્તિને નીમવાની, તેને ગેરહાજર રહેવાની રજા આપવાની શિક્ષા અથવા પદચ્યુત કરવાની નગરપાલિકાને આ અધિનિયમની કોઈ જોગવાઈઓમાંથી અથવા તે અન્વયે આપેલી સત્તા મુખ્ય અધિકારી વાપરી શકશે નહિ.

(૧) આ ધારાની કલમ ૪૯નો મુખ્ય હેતુ ચીફ ઓફિસરની સત્તાનો ઉલ્લેખ કરવાનો છે અને કલમ ૪૯(૨)(સી)ને ચીફ ઓફિસરોને તે સત્તાઓની સોંપણી કરવાનો અધિકાર વર્ણવે છે. આ કલમ હેઠળ તેમને મળેલી સત્તાની રૂઈએ ચીફ ઓફિસર એક્ટની કલમ ૨૪૬ નીચે ફરિયાદ દાખલ કરવાની સત્તા 'ડેલીગેટ' કરી શકે છે. ***(હિંમતલાલ વિ. જે. એમ. અવલાની, ૧૯૭૬ ગુ.લૉ.રી. ૧૧૭)***

(૨) 'એવા કોઈ અધિકારીને હોદ્દા ઉપરથી ઉતારી મૂકવાના નથી કે સસ્પેન્ડ કરવાના નથી. એ શબ્દો ફક્ત બિનશરતી અને 'પરમેનન્ટ' કાયમી નોકરિયાતોની નિમણૂક પ્રોબેશન પર કે કામચલાઉ કરવામાં આવી છે તેમને ઉપરની ગોઠવણથી ઉપસ્થિત લાભ મળતો નથી. **(એ.આઈ.આર. ૧૯૫૨ સૌ-૬૫)**

(૩) ચીફ ઓફિસરની ફરજો-નિયમોથી કોઈ ફરજ આપવામાં આવી નથી - બીજા અધિકારીને કામ કરવા માટે નીમ્યા-સામાન્ય દેખરેખમાં કહેવાતી બેદરકારી ટકી શકે નહિ રજિસ્ટર રાખવાની એવી વ્યક્તિની તેની પોતાની ફરજ હતી અને પોતે બરાબર તપાસીને ખરાઈ કરી એક્ઝીક્યુટીવ સમિતિને રિપોર્ટ મોકલવાની જરૂર હતી. તેની સામે કોઈ કપટનો આક્ષેપ નહોતો. ચીફ ઓફિસરને દેખરેખની ફરજમાં બેદરકારી માટે દોષિત ઠરાવી શકાય નહિ. ***(૨૫(૧) ૧૯૮૪ ગુ.લૉ.રી. ૨૧, ૧૯૮૩ ગુ. લૉ. રી. ૮૩૬)***

Scanned with CamScanner

(૪) કલમ ૪૯ અને બોમ્બે મ્યુનિસિપલ એકાઉન્ટ કોડ નિયમ ૧૩૮ અને જામનગર મ્યુનિસિપલ રૂલ્સ-નિયમ ૩૧ સ્ટોકના રજિસ્ટ્રેશન માટેની વ્યવસ્થા કરવાની કમિટીની ફરજ ચીફ ઓફિસર રજિસ્ટર જોયું નહિ, તેણે કોઈ કપટ અથવા બેદરકારી દાખવી નથી.

અમુક અધિકારી પાસે ખાતાનો હવાલો હોય ત્યારે ચીફ ઓફિસરે દર વર્ષે સ્ટોર્સની ચકાસણી કરવી છે તેવું કહેવું નકામું છે, સિવાય કે અધિનિયમમાં એવી મતલબની ખાસ જોગવાઈ કરી હોય કે અમુક ચીફ ઓફિસરે જાતે જોવું અને તેમાં સહી કરી અને એક્ઝીક્યુટીવ કમિટીને અથવા પ્રમુખને તે સાદર કરવો એવી અમુક કલમ દ્વારા ચીફ ઓફિસર ઉપર ફરજ મૂકી હોય. (૧૯૮૮(૧) ગુ.લૉ.રી. ૨૧)

## □ ક. ૫૦. નગરપાલિકાના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક :

(૧) નગરપાલિકા, નિયામકની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમ હેઠળ ફરજો બજાવવા માટે તેને જરૂરી ગણે તેવી કલમ ૪૭ની પેટાકલમો (૧) અને (૨) માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયની અધિકારીઓ અને કર્મચારીઓની જગાઓ ઊભી કરી શકાય.

(૨) આવી અધિકારીઓ અને કર્મચારીઓની જૂની અને તેમની સેવાની શરતો કલમ ૨૭૧ હેઠળ નિયમો અનુસાર નક્કી કરવામાં આવે તેવી રહેશે.

(૩) પેટા- કલમ (૧) માં ઉલ્લેખેલી કોઈ જગામાં નિમણૂંક કરવાની સત્તા, નગરપાલિકામાં અથવા કલમ ૨૭૧ હેઠળ આ અંગે કરેલા નિયમોથી નગરપાલિકાએ સત્તા આપેલ સત્તાધિકારીમાં નિહિત થશે.

### વિવરણ

**અગાઉ કલમ ૫૦ નીચે પ્રમાણે હતી :**

**ક. ૫૦. મુખ્ય અધિકારી, આરોગ્ય અધિકારી અથવા ઇજનેરને હોદ્દા ઉપરથી દૂર કરવાનું ફરમાવવાની રાજ્ય સરકારની સત્તા :**

(૧) કલમ ૪૭ અને ૪૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, તે હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય બેઠકમાં હાજર રહેલા સભ્યોની બહુમતિથી પસાર થયેલા ઠરાવના ટેકાવાળી કોઈ નગરપાલિકાની ભલામણ ઉપરથી, રાજ્ય સરકાર પોતાની વિવેકબુદ્ધિથી મુખ્ય અધિકારીને અથવા કલમ ૪૭ની પેટાકલમ (૪) અથવા (૫) અન્વયે નીમવામાં આવેલ અધિકારીને તેનો પોતાનો હોદ્દો ચાલુ ન રાખવાનો હુકમ કરે, તો તે કાયદેસર ગણાશે.

પરંતુ—

A-(ક) કલમ ૫૧ ખંડ (૭)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવી બેઠકમાં તમામ સમય દરમિયાન કોરમ રહ્યું ન હોય, તો આવી બેઠકમાં કોઈ ઠરાવ પસાર કરી શકાશે નહિ; અને

B-(ખ) રાજ્ય સરકાર આદેશ કરે તે અધિકારીએ અને તે રીતે એ બાબતમાં તપાસ કરી ન હોય અને જેની સામે આવો હુકમ કરવાનો હોય તે અધિકારીને તેની સામે કરવામાં આવેલા આક્ષેપોનો ખુલાસો કરવાની તપાસ વખતે વાજબી તક આપવામાં આવી ન હોય, તો આ કલમ અન્વયે કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટાકલમ (૧) અન્વયે હોદ્દા ઉપર ચાલુ રાખેલા અધિકારીની હોદ્દાની મુદત આ અર્થે રાજ્ય સરકાર નક્કી કરે તે તારીખે અને તે તારીખથી બંધ થશે અને સમાપ્ત થશે.

(૧) હોદ્દામાં ચાલુ ન રાખવા માટેનો હુકમ કલમ ૪૦ સાથે તફાવત-માસ્ટર પોતાના નોકરને વાજબી નોટિસ આપીને નોકરીમાંથી છૂટો કરી શકે છે તેવો નિયમ, માસ્ટર અને નોકરના કાયદાનો અમલ થવો જોઈએ તેથી જેમાં સંબંધ આવતો હોય તે કરાર અથવા કાયદામાં નિર્દિષ્ટ જોગવાઈઓ હોય તો તેનો અમલ કરવાની આવશ્યકતા નથી. (૧૯૮૪ ગુ.લૉ.રી. ૧૨૬)

(૨) ક્ષેત્રમર્યાદા-મ્યુનિસિપાલિટી નોકરી સમાપ્ત કરી શકે નહિ કલમ ૫૦ હેઠળ વાજબી નોટિસનો કાયદો નોકરીની સમાપ્તિને લાગુ પડે નહિ કલમ ૫૦માં ચીફ-ઓફિસરની નોકરી સમાપ્ત કરવાને આધીન નિર્દિષ્ટ જોગવાઈઓ છે અને તેથી વાજબી નોટિસ આપીને ચીફ-ઓફિસરની નોકરી સમાપ્ત કરવાની મ્યુનિ. ગર્ભિત સત્તા હોવાનું શક્ય નથી. (આઈ.એલ.આર. (૧૯૭૨) ગુજ. ૧૦૦ ફુ.બે.)

**કલમ ૫૦ અને ૨૫૮(૧) સાથે વાંચતા** પસંદગી સમિતિ દ્વારા વર્ગ-૩ અને ૪ ના ઉમેદવારોની નિમણૂક - કલેક્ટરે પસંદગી સમિતિ દ્વારા પસાર કરવામાં આવેલ ઠરાવને રદ કરેલ કારણ કે તે સગાવાદ અને તરફેણવાદનું ઉદાહરણ જણાયું હતું - ઠરાવેલ કે અરજદારે માત્ર અદાલતના વચગાળાના હુકમ દ્વારા જ નોકરીમાં ચાલુ રહ્યા હતા. નિમણૂકો માટે કોઈ યોગ્ય અને સમુચિત પ્રક્રિયા અનુસરવામાં આવી ન હતી - કલેક્ટરે સાચી રીતે વર્તી ઠરાવ રદ કરેલ.

**કલમ ૫૦ અને ૨૫૮(૧) સાથે વાંચતા** મ્યુનિસિપાલિટીએ વર્ગ ૩ અને ૪ ના કર્મચારીઓની નિમણૂક કરેલી - ઠરાવવામાં આવ્યું કે પસંદગી સમિતિ માત્ર પસંદ ઉમેદવારોના નામોની ભલામણ જ કરી શકે - નિમણૂક કરવાની સત્તા પ્રમુખ પાસે નહિ પરંતુ મુખ્ય અધિકારી પાસે છે - પ્રમુખના હુકમ દ્વારા નિમણૂક ગેરકાયદેસર છે - કલેક્ટરે સાચી રીતે નિમણૂકો રદ કરેલી. *દિનેશકુમાર જી. ચાવડા એન્ડ અધર્સ વિ. સ્ટેટ ઑફ ગુજરાત એન્ડ અધર્સ, ૨૦૦૭(૨) જીએલએચ ૩૧૪ (ગુજરાત હાઈકોર્ટ), ૨૦૦૭(૩) જીએલઆર ૧૯૧૧ (ગુજરાત હાઈકોર્ટ), એ.એલ.ટી. ૨૦૦૭, પેજ નં. ૧૮૧.*

## ☐ ક. ૫૦-એ પ્રોવિડંટ ફંડ સરકારી તિજોરીમાં અનામત મૂકવા બાબત :

(૧) નગરપાલિકાએ પોતાના કોઈપણ અધિકારીઓ અને નોકરોના લાભાર્થે પ્રોવિડંટ ફંડ સ્થાપ્યું હોય, તો એવું ફંડ, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, લેખિત હુકમથી, વખતોવખત આપે તેવા આદેશો અનુસાર, રાજ્ય સરકારની તિજોરીમાં અનામત મૂકવાનું રહેશે, અને તેમ થયે-

(૧) રાજ્ય સરકારનો કર્મચારી જે દરે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તે જ દરે, ફંડનો બચતદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે હકદાર રહેશે, અને

(૨) આવા સરકારી કર્મચારીને લાગુ પડતા, પ્રોવિડન્ડ ફંડમાંથી પૈસા ઉપાડવા અંગેની મર્યાદાને લગતા, તે સમયે અમલમાં હોય તેવા નિયમો, શક્ય હોય તેટલે સુધી, બચતદારને લાગુ પડશે.

(૨) આ કલમમાંનો કોઈપણ મજકૂર, જેને 'કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ' ૧૯૫૨ (સન ૧૯૫૨નો ૧૯મો) લાગુ પડતો હોય તેવા, નગરપાલિકા દ્વારા સ્થાપિત પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ.

☐ ☐ ☐ ☐ ☐

Scanned with CamScanner